**અગ્રતા ક્રમ–** ૨૩

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૯૦૬

**વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની**
**તારીખ: ૧૩/૦૨/૨૦૨૪**

**પંદરમી ગુજરાત વિધાનસભા ચોથુ સત્ર**

**પ્રશ્ન : મોરબી જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના**

પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ અને તેનો મત વિસ્તાર :–

**શ્રી દુર્લભજીભાઇ હરખજીભાઇ દેથરીયા (ટંકારા)**

## અનુક્રમણિકા


| ક્રમ | પ્રશ્નનો વિષય | પાના નંબર |
|---|---|---|
| **૧** | **પ્રશ્ન** | 3 |
| **૨** | **પ્રશ્નનો જવાબ** | 3 |
| **૩.૧** | **પૂરક પ્રશ્ન–૧ ધારાસભ્યશ્રી–**<br>કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મોરબી જિલ્લામાં વિકસતી જાતિની તાલુકાવાર કેટલી અરજીઓ મળી, કેટલી અરજીઓ મંજુર કરી અને કેટલી સહાયની રકમ ચુકવવામાં આવી ? | 4 |
| **૩.૨** | **પૂરક પ્રશ્ન–૨ ધારાસભ્યશ્રી–**<br>કુંવરબાઈનું મામેરૂ યોજનામાં મોરબી જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં કેટલા લાભાર્થીઓને સહાય ચૂકવવામાં આવી અને તે અંગે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | 5 |
| **૩.૩** | **પૂરક પ્રશ્ન–3 ધારાસભ્યશ્રી–**<br>કુંવરબાઈનું મામેરૂ યોજનામાં સરકાર દ્વારા સહાયના દરમાં ક્યારે ક્યારે વધારો કરવામાં આવ્યો ? | 6 |
| | | |
| ૪.૧ | **પૂરક માહિતી**<br>મોરબી જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ મળેલ અરજીઓ (સમય ગાળો તા.૧/૧/૨૦૨૩ થી ૩૧/૧૨/૨૦૨૩) | 7-8 |
| ૪.૨ | **પૂરક માહિતી**<br>મોરબી જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષમા થયેલ સિદ્ધિ અને ખર્ચની વિગત દર્શાવતું પત્રક | **9** |
| ૪.૩ | **પૂરક માહિતી**<br>રાજયમાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં થયેલ ખર્ચની વિગત દર્શાવતું પત્રક | **10** |
| ૪.૪ | **પુરક નોંધ** | **11-15** |

# 23

**મોરબી જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂ યોજના**

*15/4/906: **શ્રી દુર્લભજીભાઇ હરખજીભાઇ દેથરીયા** (ટંકારા): **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ મોરબી જિલ્લામાં વિકસતી જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી, | (૧) | ૧૪૧૬ |
| (૨) | તે પૈકી કેટલી કન્યાઓની અરજીઓ મંજૂર કરી, અને | (૨) | ૧૪૧૫ |
| (૩) | તે પેટે કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) | રૂ.૧૬૯.૪૬ લાખ |

-----------------

| અગ્રતા ક્રમ - ૨૩ પૂરક પ્રશ્ન-૧<br>પુછનાર ધારાસભ્યશ્રી : |
|---|
| **<u>પૂરક પ્રશ્ન – ૧</u> કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મોરબી જિલ્લામાં વિકસતી જાતિની તાલુકાવાર કેટલી અરજીઓ મળી, કેટલી અરજીઓ મંજુર કરી અને કેટલી સહાયની રકમ ચુકવવામાં આવી ?** |

**જવાબ : માન.અધ્યક્ષશ્રી,**

મોરબી જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિકસતી જાતિની તાલુકા વાર કુલ ૧૪૧૬ અરજી મળી, તે પૈકી ૧૪૧૫ અરજી મંજૂરી કરવામાં આવી અને રૂ.૧૬૯.૪૬ લાખની સહાય ચુકવામાં આવી

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | તે પૈકી મંજુર કરેલ અરજી | ચુકવેલ સહાય (રકમ રૂ. લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | ટંકારા | ૧૦૧ | ૧૦૧ | ૧૨.૧૨ |
| ૨ | મોરબી | ૬૦૨ | ૬૦૧ | ૭૨.૦૪ |
| ૩ | વાંકાનેર | ૩૨૭ | ૩૨૭ | ૩૯.૦૦ |
| ૪ | હળવદ | ૩૩૭ | ૩૩૭ | ૪૦.૪૨ |
| ૫ | માળીયા | ૪૮ | ૪૮ | ૫.૭૬ |
| ૬ | અન્ય | ૧ | ૧ | ૦.૧૨ |
| **કુલ** | | **૧૪૧૬** | **૧૪૧૫** | **૧૬૯.૪૬** |

| અગ્રતા ક્રમ - ૨૩ પૂરક પ્રશ્ન–૨<br>પુછનાર ધારાસભ્યશ્રી : |
|---|
| **<u>પૂરક પ્રશ્ન –૨</u>** :– **કુંવરબાઈનું મામેરૂ યોજનામાં મોરબી જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં કેટલા લાભાર્થીઓને સહાય ચૂકવવામાં આવી અને તે અંગે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?** |

**જવાબ : માન.અધ્યક્ષશ્રી,**

મોરબી જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ કુલ ૪૪૪૭ (ચાર હજાર ચારસો સુડતાલીસ) લાભાર્થીઓને રૂ.૪૯૯.૨૮ લાખ (ચાર કરોડ નવાણું લાખ અઠ્યાવીસ હજાર) ની સહાય ચૂકવવામાં આવેલ છે.

| અગ્રતા ક્રમ - ૨૩ પૂરક પ્રશ્ન–૩<br>પુછનાર ધારાસભ્યશ્રી : |
|---|
| **પૂરક પ્રશ્ન –૩** :– **કુંવરબાઈનું મામેરૂ યોજનામાં સરકાર દ્વારા સહાયના દરમાં ક્યારે ક્યારે વધારો કરવામાં આવ્યો ?** |

**જવાબ : માન.અધ્યક્ષશ્રી,**

- તા.૨/૫/૧૯૯૫ – રૂ. ૫,૦૦૦/–આપવાનું ઠરાવેલ
- તા.૧૩/૪/૨૦૧૨ – રૂ. ૫,૦૦૦/–નો વધારો કરી સહાયની રકમ રૂ.૧૦,૦૦૦/–કરવામાં આવેલ.
- તા.૩/૬/૨૦૨૧ – તા.૧/૪/૨૦૨૧થી સહાયની રકમ રૂ. ૧૦,૦૦૦/–માં રૂ.૨,૦૦૦/–નો વધારો કરી રૂ.૧૨,૦૦૦/–કરવામાં આવેલ છે.

## અગ્રતા ક્રમ - ૨૩ પૂરક માહિતી

**મોરબી  જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ મળેલ અરજીઓ**

**સમય ગાળો તા.૧/૧/૨૦૨૩ થી ૩૧/૧૨/૨૦૨૩**

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | તે પૈકી મંજુર કરેલ અરજી | મંજુર પૈકી ચુકવેલ સહાય | | નામંજુર કરેલ અરજી |
|---|---|---|---|---|---|---|
| | | | | લાભાર્થી સંખ્યા | રકમ (રૂ.લાખમાં) | |
| ૧ | ટંકારા | ૧૦૧ | ૧૦૧ | ૧૦૧ | ૧૨.૧૨ | ૦ |
| ૨ | મોરબી | ૬૦૨ | ૬૦૧ | ૬૦૧ | ૭૨.૦૪ | ૧ |
| ૩ | વાંકાનેર | ૩૨૭ | ૩૨૭ | ૩૨૭ | ૩૯.૦૦ | ૦ |
| ૪ | હળવદ | ૩૩૭ | ૩૩૭ | ૩૩૭ | ૪૦.૪૨ | ૦ |
| ૫ | માળીયા | ૪૮ | ૪૮ | ૪૮ | ૫.૭૬ | ૦ |
| ૬ | અન્ય | ૧ | ૧ | ૧ | ૦.૧૨ | ૦ |
| **કુલ** | | **૧૪૧૬** | **૧૪૧૫** | **૧૪૧૫** | **૧૬૯.૪૬** | **૧** |

## અગ્રતા ક્રમ - ૨૩ પૂરક માહિતી

**મોરબી જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ મળેલ અરજીઓ**
**સમય ગાળો તા.૧/૧/૨૦૨૩ થી ૩૧/૧૨/૨૦૨૩**

| ક્રમ | તાલુકાનું નામ | ના મંજુર અરજીઓ | **ના મંજુરના કારણો** | | | | | **કુલ** |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | આવક વધુ હોવાથી | સમય મર્યાદા બહાર અરજી મળેલ હોવાથી | અગાઉ આ યોજના હેઠળ લાભ મળેલ હોવાથી | લગ્ન રજીસ્ટ્રેશન થયેલ ન હોવાથી | અન્ય કારણો (જે કારણ હોય તે જણાવવું) | |
| ૧ | ટંકારા | ૦ | | | | | | |
| ૨ | મોરબી | ૧ | | ૧ | | | | ૧ |
| ૩ | વાંકાનેર | ૦ | | | | | | |
| ૪ | હળવદ | ૦ | | | | | | |
| ૫ | માળીયા | ૦ | | | | | | |
| ૬ | અન્ય | ૦ | | | | | | |
| **કુલ** | | **૧** | | **૧** | | | | **૧** |

## અગ્રતા ક્રમ - ૨૩ પૂરક માહિતી

**મોરબી જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષમા થયેલ સિદ્દિધ અને ખર્ચની વિગત દર્શાવતું પત્રક**

| **ક્રમ** | **વર્ષ** | **સિદ્ધી** | **ખર્ચ (રૂ.લાખમાં)** |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૯–૨૦ | ૫૨૭ | ૫૨.૭૦ |
| ૨ | ૨૦૨૦–૨૧ | ૪૭૪ | ૪૭.૪૦ |
| ૩ | ૨૦૨૧–૨૨ | ૭૯૫ | ૮૫.૨૮ |
| ૪ | ૨૦૨૨–૨૩ | ૧૨૯૭ | ૧૫૧.૧૬ |
| ૫ | ૨૦૨૩–૨૪ (જાન્યુઆરી–૨૦૨૪ અંતિત) | ૧૩૫૪ | ૧૬૨.૭૪ |
| **કુલ** | | **૪૪૪૭** | **૪૯૯.૨૮** |
| **ચાર હજાર ચારસો સુણતાલીસ લાભાર્થીઓ અને ચાર કરોડ નવાણું લાખ અઠ્ઠાવીસ હજારની સહાય** | | | |

| અગ્રતા ક્રમ - ૨૩ પૂરક માહિતી |
|---|
| રાજયમાં કુંવરબાઈનું મામેરૂ યોજના<br>હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં થયેલ ખર્ચની વિગત દર્શાવતું પત્રક |

| ક્રમ | વર્ષ | મુળ જોગવાઇ (રૂ.લાખમાં) | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) | લક્ષ્યાંક | સિધ્ધી |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૯-૨૦ | ૨૨૦૦.૦૦ | ૨૮૪૩.૮૩ | ૨૨૦૦૦ | ૨૮૪૩૮ |
| ૨ | ૨૦૨૦-૨૧ | ૨૫૦૦.૦૦ | ૨૬૬૦.૫૦ | ૨૫૦૦૦ | ૨૬૬૦૪ |
| ૩ | ૨૦૨૧-૨૨ | ૩૦૦૦.૦૦ | ૩૭૬૯.૧૫ | ૨૫૦૦૦ | ૩૫૦૬૫ |
| ૪ | ૨૦૨૨-૨૩ | ૩૨૦૦.૦૦ | ૬૯૬૭.૭૦ | ૨૬૬૬૬ | ૫૯૫૯૨ |
| ૫ | ૨૦૨૩-૨૪ (જાન્યુઆરી-૨૦૨૪ અંતિત) | ૩૯૦૦.૦૦ | ૬૮૮૭.૭૬ | ૩૨૫૦૦ | ૫૭૭૬૧ |
| **કુલ** | | **૧૪૮૦૦.૦૦** | **૨૩૧૨૮.૯૪** | **૧૩૧૧૬૬** | **૨૦૭૪૬૦** |

| અગ્રતા ક્રમ - ૨૩ પુરક નોંધ |
| --- |
| કુંવરબાઈનું મામેરૂ યોજના |

**કુંવરબાઈનું મામેરૂં:–**

- **હેતુ :**
  - સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા આર્થિક પછાત વર્ગોની વ્યકિતઓને દિકરીનાં લગ્ન પ્રસંગે થતા ખર્ચમાં મદદરૂપ થવા માટે.
- **યોજનાની શરૂઆત :**
  - સામાજિક અને શૈક્ષણિકરીતે પછાત વર્ગ અને આર્થિક પછાત વર્ગોની કન્યાઓના લગ્ન પ્રસંગે **કુંવરબાઈનું મામેરૂં યોજના** સરકારશ્રીના તા.**૨/૫/૧૯૯૫**ના ઠરાવ ક્રમાંક: **એસ. સી. ડબલ્યુ. / ૧૦૯૧ / ૯૭૫ (બ)/જ**થી અમલમાં છે.
- **સહાયની રકમ અને સ્વરૂપમાં થયેલ સુધારા વધારા :**
  - શરૂઆતના તબક્કે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા આર્થિક પછાત વર્ગની કન્યાઓના લગ્ન પ્રસંગે મામેરા માટે રૂપિયા ૫૦૦૦/– પૈકી રૂપિયા ૨૦૦૦/– રોકડા સ્વરૂપે કન્યાના માતા પિતાને અને બાકીના રૂપિયા ૩૦૦૦/– કન્યાના નામે કિસાન વિકાસપત્રના સ્વરૂપે નાણાંકીય સહાય આપવામાં આવતી હતી.
  - સરકારશ્રીના તા.૧૮/૫/૨૦૦૯ ના ઠરાવથી કન્યાને લગ્ન સમયે જરૂરી ઘર–વખરી ખરીદી શકાય તે માટે રૂપિયા ૫૦૦૦/– ચેકથી ચુકવવાનું ઠરાવવામાં આવેલ હતુ.

- સરકારશ્રીના તા.૧૩/૪/૨૦૧૨ના ઠરાવથી સહાયની રકમ રૂ. ૫,૦૦૦/– થી વધારીને રૂ. ૧૦,૦૦૦/– કરવામાં આવેલ.
- આ યોજનાનો લાભ લેવા માટે કન્યા જે સ્થળ/જિલ્લાની હોય તે જિલ્લા અધિકારીને અરજી કરી સહાયની રકમ કન્યાના વસવાટના જિલ્લામાંથી મેળવવાની રહે છે. આમ છતાં કુવરબાઈનું મામેરુ યોજના અને સાતફેરા સમુહલગ્ન યોજના એમ બન્ને યોજનામાં પાત્રતા ધરાવતી કન્યાઓને તેઓ પોતાના જિલ્લામાંથી લાભ મેળવશે નહીં તેવી બાંહેધરી મેળવીને સમુહલગ્નનું આયોજન જે જિલ્લામાં કરવામાં આવેલ હોય તે જ જિલ્લામાંથી બંન્ને યોજના હેઠળ અપાતી સહાયની ચુકવણી કરવા સરકારશ્રીના તા.૨૭/૦૭/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૦૨૦૧૮/ ૨૭૮૯૧૧/અ.૧ થી મંજૂરી આપવામાં આવેલ છે.
- હાલમાં સરકારશ્રીના તા.૩/૬/૨૦૨૧ના ઠરાવ તથા તા.૮/૪/૨૦૨૧ના સુધારા ઠરાવ મુજબ સહાયની રકમ રૂ.૧૦,૦૦૦/– માં વધારો કરી કન્યાના નામે રૂ.૧૨,૦૦૦/– આપવા ઠરાવેલ છે, તેમજ નવા દરનો અમલ તા.૧/૪/૨૦૨૧થી કરવાનો રહેશે અને તા.૧/૪/૨૦૨૧ કે ત્યારબાદ લગ્ન કરનારને રૂ.૧૨,૦૦૦/– લેખે નવા દરનો લાભ આપવા ઠરાવવામાં આવેલ છે. **જે હાલમાં અમલમાં છે.**

➢ <u>**યોજનાના સરળ અમલીકરણ માટે કરવામાં આવેલ સુધારા:**</u>

- **સરકારશ્રીના તા.૨૧/૧૨/૨૦૨૧ના ઠરાવથી :**
  - અગાઉની ‘‘પુન: લગ્નના કિસ્સામાં આ લાભ મળવાપાત્ર રહેશે નહી’’ તે શરત રદ કરવામાં આવેલ છે.

– સમયમર્યાદામાં અરજીના નિકાલ કરવા માટે સ્થળ તપાસ કરવાની જગ્યાએ ડોક્યુમેન્ટ આધારે અરજી મંજુર કરવાની પ્રક્રિયા કરવા ઠરાવેલ છે.

- **અગાઉ અરજી સાથે મેળવવામાં આવતા હતા તેવા નીચે મુજબના (નવ) આધાર–પુરાવા રજુ કરવામાંથી મુક્તિ આપેલ છે.**

(૧) કન્યાના પિતા/વાલીનું આધાર કાર્ડ
(૨) કન્યાના પિતાના રેશનકાર્ડની નકલ
(૩) સક્ષમ અધિકારીશ્રી પાસેથી મેળવેલ કન્યાની જાતિનો દાખલો
(૪) સક્ષમ અધિકારીશ્રી પાસેથી મેળવેલ યુવકની જાતિનો દાખલો
(૫) રહેઠાણનો પુરાવો
(૬) કન્યાની જન્મ તારીખનો પુરાવો
(૭) યુવકની જન્મ તારીખનો પુરાવો
(૮) યુગલનો સંયુક્ત ફોટો
(૯) લગ્ન કંકોત્રી

- **હવે નીચે મુજબના ફક્ત ચાર ડોક્યુમેન્ટના આધારે અરજી મંજુર કરવામાં આવે છે.**

(૧) કન્યાનું આધાર કાર્ડ
(૨) કન્યાના પિતા/વાલીની વાર્ષિક આવકનો દાખલો
(૩) લગ્ન નોંધણી પ્રમાણપત્ર
(૪) બેન્ક પાસબુક/રદ કરેલ ચેક (યુવતીના નામનું)

➢ **હાલમાં કુંવરબાઇનું મામેરૂં યોજનાનો લાભ લેવા માટેની શરતો:–**

- સરકારશ્રીના તા.૦૨/૧૧/૨૦૨૨ના ઠરાવ મુજબ હાલ ગ્રામ્ય વિસ્તારમાં અને શહેરી વિસ્તારમાં રૂ.૬.૦૦ લાખ આવક મર્યાદા નક્કી થયેલ છે.
- આ યોજનાનો લાભ કુટુંબની પુખ્ત વયની બે કન્યાના લગ્ન પ્રસંગે આપવામાં આવે છે.
- લગ્ન કરનાર કન્યા/યુવક લગ્ન માટે કાયદા અનુસારની નિયત લઘુત્તમ વય ધરાવતા હોવા જોઈએ.
- લગ્ન અંગેના જરૂરી આધાર/પુરાવા અરજી સાથે રજુ કરવાના હોય છે. કન્યાના માતા–પિતા/ વાલીએ આ યોજનાનો લાભ અગાઉ લીધેલ નથી તેવું સ્વ–ઘોષણા (Self-Declaration) આપવાનું રહે છે.
- લગ્ન થયાના બે વર્ષની અંદર સહાય મેળવવા અરજી કરવાની હોય છે.
- લગ્ન નોંધણી કરાવવાનું/નોંધાવવાનું ફરજીયાત છે.

➢ **<u>યોજનાના સહાય માટેની કાર્યપધ્ધતિ</u>**

- અરજદારે લગ્ન તારીખના બે વર્ષના સમયગાળામાં નિયત નમૂનામાં ઈ–સમાજ કલ્યાણ પોર્ટલ (**esamajkalyan.gujarat.gov.in**) પર ઓન લાઈન અરજી કરવાની રહે છે.
- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તથા આર્થિક રીતે પછાત વર્ગના લાભાર્થીઓએ પોતાના જિલ્લાના જિલ્લા નાયબ નિયામક (વિકસતિ જાતિ)/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિકસતિ જાતિ)ને અરજી કરવાની રહે છે.

- આ યોજનાનો લાભ લેવા માટે કન્યા જે સ્થળ/જિલ્લાની હોય તે જિલ્લા અધિકારીને અરજી કરી સહાયની રકમ કન્યાના વસવાટના જિલ્લામાંથી મેળવવાની રહે છે. આમ છતાં કુવરબાઈનું મામેરુ યોજના અને સાતફેરા સમુહલગ્ન યોજના એમ બન્ને યોજનામાં પાત્રતા ધરાવતી કન્યાઓને તેઓ પોતાના જિલ્લામાંથી લાભ મેળવશે નહીં તેવી બાંહેધરી મેળવીને સમુહલગ્નનું આયોજન જે જિલ્લામાં કરવામાં આવેલ હોય તે જ જિલ્લામાંથી આ યોજનાના લાભ માટે અરજી કરી બંન્ને યોજનાનો લાભ લઈ શકે છે.
- સંબંધિત તાલુકાના સમાજ કલ્યાણ નિરીક્ષક દ્વારા ડોક્યુમેન્ટની ચકાસણી કરી, તેઓના અભિપ્રાય સાથે અરજીઓ સંબંધિત જિલ્લાના જિલ્લા નાયબ નિયામક/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિકસતિ જાતિ)જિલ્લા કચેરીએ આગળની કાર્યવાહી માટે મોકલવામાં આવે છે.
- જિલ્લાકક્ષાએ જિલ્લા અધિકારીશ્રી દ્વારા પાત્રતા ધરાવતા અરજદારોની અરજીઓ મંજુર કરી DBT (ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર) દ્વારા કન્યાને નિયમોનુસાર રૂ.૧૨,૦૦૦/– સહાય ચૂકવવામાં આવે છે.